# ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતો હોવા છતાં વન વિભાગ કુંભકર્ણની નિદ્રામાં

**આડા હાથરોલ ગામમાં ખુંખાર દિપડાએ સીમવિસ્તારમાં ગાયનું મારણ કરતાં પશુપાલકો ભયભીત : દિપડો વારંવાર પશુઓનું મારણ કરતાં પશુપાલકો, ભરવાડોને રાત્રે ઉજાગરા કરવાનો વારો**

ભિલોડા,તા.૧૫

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના આડા હાથરોલ ગામમાં ખુંખાર દિપડાએ સીમવિસ્તારમાં ગાયનું મારણ કરતાં પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતાં પશુપાલકો, ભરવાડોને રાત્રે ઉજાગરા કરવાનો વારો આવ્યો છે. ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતો હોવા છતાં વન વિભાગના અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોવાનું જાણવા મળેલ છે. આડા હાથરોલ ગામના સામાજીક કાર્યકર અમિતભાઈ પટેલના જણાવ્યા મુજબ આડા હાથરોલ ગામના પશુપાલક રાકેશભાઈ મોહનભાઈ પટેલના તબેલામાં બાંધેલી ગાયનું ખુંખાર દિપડાએ ગત મધ્યરાત્રે મારણ કરતાં પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

નાંદોજ,રામનગર,આડા હાથરોલ પંથકમાં ખુંખાર દિપડા છેલ્લા કેટલાક સમયથી આતંક દિન-પ્રતિ-દિન વધતાં વારંવાર પશુઓનું મારણ કરતાં ભરવાડો, પશુપાલકો અને ખેડુતોને રાત્રે ઉજાગરા કરવાનો વારો આવ્યો છે.ભરવાડો,પશુપાલકો,ખેડુતો અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતો હોવા છતાં વન વિભાગના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.

પશુપાલકો ધ્વારા વન વિભાગના જવાબદાર અધિકારીઓને રજુઆતો કરવા છતાં કુંભકર્ણની નિદ્રામાં પોઢેલા વન વિભાગના અધિકારીઓ ખુંખાર દિપડાને પાંજરૂ મુંકીને કેમ ઝડપી શકતા નથી તેમ લોકમુખે ચર્ચાય છે. વન વિભાગ ધ્વારા પાંજરૂ મુંકી દિપડાને પકડવાની કામગીરી ના કરાતાં ખેડુતો, પશુપાલકો,ભરવાડો મધ્યરાત્રે ફટાકડા ફોડી ઉજાગરા કરી દિવસો ગુજારી રહ્યા હોવાનું ખેડુતો ધ્વારા જાણવા મળેલ છે.

અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ રામનગર,નાંદોજ,આડા હાથરોલ પંથક સહિત આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારોમાં વસવાટ કરતો વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં ભરવાડો, પશુ-પાલકો, ખેડુતો અને પ્રજાજનોમાં ભારે ભયની લાગણી અનુભવી રહ્યા છે. આડા હાથરોલ પંથકના ખેડુતો,પશુપાલકો, ભરવાડો, પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે કે જીલ્લાના વન વિભાગના ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાને પાંજરૂ મુંકી ઝડપી લેવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી છે.

# અરવલ્લી જિલ્લાના વન વિભાગ દ્વારા રોપવાના ખાડા ખોદવામાં ગેરરીતી

અરવલ્લી, તા. ૧૫

વિશ્વ પર્યાવરણ દિવસે આખા દેશમાં પર્યાવરણ ચિંતાના કારણે આખા દેશમાં અલગ અલગ પ્રકાર રોપવા વાવવામાં આવે છે. જોડે જોડે પર્યાવરણ રક્ષા માટે રેલી અને શિબિરો ગોઠવવામાં આવે છે. જ્યારે ચોમાસુ નજીક આવતા વન વિભાગ દ્વારા લાખોની સંખ્યામાં રોપવા ઉછેરવામાં આવતા હોય છે. ત્યારે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આવેલ સરડોઈથી શામપુર જવાના માર્ગ ઉપર મોટી સરકારી જમીન ઉપર લાખોની સંખ્યામાં દરેક જાતના રોપવા વાવવા માટે અહીં ખાડા ખોદવામાં આવ્યા છે તેનુ માપ ખાલી ચાર થી છ ઈંચ જેટલુ



દેખાય છે ત્યારે દેખીતી રીતે વન વિભાગનો ભ્રષ્ટાચાર દેખાઈ આવે છે. આમ જોવા જઈએ તો વન વિભાગને ખાડા ખોદવાથી માંડીને રોપવા ઉછેરવા સુધીનુ કામ આજુબાજુના લોકલ મજદુરોને આપવાનુ હોય છે તેના કારણે મજદૂરોને રોજગારી મળે પણ વન વિભાગના હોંશીયાર અધિકારીઓએ ખાડા જેસીબી મશીનથી યુદ્ધના ધોરણે કર્યા છે.

પણ ઉપર તસવીરમાં ચોખ્ખા દેખાય છે રોપવા વાવવા એક ફૂટ ખાડો હોવો જોઈએ પણ માત્ર ચાર થી છ ફૂટ ખાડો ખોદ્યો હોવાના કારણે કુમળો રોપવા ઉગતા ને સાથે મટી જશે આ વન મહોત્સવ માત્ર ને માત્ર સેટેસ્ટના અધિકારી પોતાના ખિસ્સા ભરવા એક નાટક ઉભુ કર્યુ છે. તો સરકાર પર્યાવરણની રક્ષા માટે કરોડો રૂપીયા ખર્ચા દ્વારા રોપવા લગાયા હોય તો તે એક જ વર્ષ સુધી પણ જીવતા નથી રહેતા. માટે ગુજરાતના વન વિભાગ મંત્રી દ્વારા આવા ભ્રષ્ટાચારી અધિકારીઓની સામે કડક પગલા ભરીને ન્યાય અપાવે.

# રામગઢી સરકારી દવાખાનાના લાખોના ખર્ચે બનાવેલ ક્વાટર્સો પાણીના અભાવે બંધ હાલતમાં

અરવલ્લી, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રામગઢી ખાતેના સરકારી દવાખાનાના સ્ટાફને રહેવા માટે લાખોના ખર્ચે નવીન બનાવેલ ક્વાટર્સમાં પાણીની વિકટ સમસ્યા ઉભી થવાના કારણે ક્વાટર્સ છેલ્લા કેટલાય સમયથી બંધ હાલતમાં હોવાથી દવાખાનાના સ્ટાફને મોટી મુશ્કેલીઓ ઉભી થવા પામી છે.

રામગઢી ખાતે લાખોના ખર્ચે ગામના છેવાડે સરકારી દવાખાનાના



સ્ટાફને રહેવા માટે સરકાર દ્વારા ક્વાટર્સ બનાવવામાં આવ્યા છે. પરંતુ પાણીની સમસ્યાના કારણે રોજના પાણીના એક ટેન્કરના રૂ. સાતસોથી આઠસો સ્ટાફે ચુકવવાના થતા હોવાથી દવાખાનાનો સ્ટાફ ત્યાં રોકાઈ શકતો નથી. જેથી પાણીની સમસ્યાના કારણે ક્વાટર્સ છેલ્લા કેટલાય સમયથી બંધ હાલતમાં હોવાથી દવાખાનાના સ્ટાફને ક્વાટર્સમાં રહેવા બાબતે મોટી અગવડતા ઉભી થવા પામી છે. જેથી સ્ટાફને ક્વાટર્સના બદલે દવાખાનામાં રોકાવાનો વારો આવ્યો છે.

# ઊંઝામાં સ્થાનિક પોલીસતંત્રની નિષ્ક્રિયતાના પગલે ઘરફોડ વધી

ઊંઝા, તા. ૧૫

વેપારી મથક ઊંઝા શહેરમાં સ્થાનિક પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે છેલ્લા ઘણા સમયથી ઘરફોડચોરીઓ, વાહનચોરીઓ તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓનુ પ્રમાણ વધી જતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે.

તાજેતરમાં ઊંઝા ખાતે વિસનગર રોડ પર રહેતા પટેલ નિરવકુમાર અરવિંદભાઈએ પોતાની આઈસર કંપનીની ટ્રક સતનગર રોડ આગળ શિવકૃપા ટ્રાન્સપોર્ટ કંપની આગળ મુકી હતી જેની રાત્રીના સમયે કોઈ તસ્કરો ઉંઠાતરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ ટ્રકની કિંમતરૂપિયા ૧૪ લાખની થવા જાય છે. આ બાબતે ઊંઝા પોલીસે વાહનચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઊંઝા વિસ્તારમાં છેલ્લા દોઢ બે વર્ષ દરમિયાન મિલ્કત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ઘણા ગુનાઓ નોંધાયેલ છે જે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડ્યું છે.

## આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં આદિવાસી ગૌરવયાત્રા

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં તા. ૧૩-૬-૨૦૧૭ના રોજ ગુજરાત સરકારના આદિજાતિ કલ્યાણ વિભાગ દ્વારા આદિવાસી ગૌરવયાત્રા યોજવામાં આવી હતી. જેમાં વનવાસી વિસ્તાર માટે તેમજ વિવિધ વર્ગના યુવાનો માટે સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. કોલેજના પ્રિ. એન.ડી. પટેલે ઉપસ્થિત મહેમાનોનુ સ્વાગત કર્યુ હતુ. મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ તેમજ કોલેજનો સમગ્ર સ્ટાફ હાજર રહીને આ આદિવાસી ગૌરવયાત્રાનો લાભ મેળવ્યો હતો.

# પાલનપુર સિવિલ હોસ્પિટલના કથિત ખાનગીકરણનો વિરોધ

પાલનપુર, તા. ૧૫

સરહદી બનાસકાંઠા જીલ્લા મુખ્યાલય પાલનપુર ખાતે સરકારી સિવિલ હોસ્પિટલ આવેલી છે. જનરલ હોસ્પિટલના વહીવટનું પણ પાછલા બારણે ખાનગીકરણ કરવાની હિલચાલ હાથ ધરવામાં આવી હોવાના સમાચાર વાયુવેગે




સામે બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠને અવાજ ઉઠાવ્યો છે. જિલ્લા દલિત સંગઠને આ મામલે જન જાગૃતિ કેળવવા આજે પ્રચારયુદ્ધ આરંભતા સિવિલ બચાવો વિશેની પત્રિકાઓ વહેતી કરી હતી. જેમાં પાલનપુર સિવિલના ખાનગીકારણનો વિરોધ કરી લોક જાગૃતિ કેળવવા પર ભાર મુકાયો હતો. જોકે, પાલનપુર સહીત જિલ્લાભરની મોટાભાગની પ્રજા સિવિલની કથિત ખાનગીકરણની પેરવીથી બેખબર છે. ત્યારે આ બાબતે સત્ય શું છે તે બાબતે સરકાર સત્વરે સ્પષ્ટતા કરે તે

ત્યારે બનાસકાંઠાને મેડિકલ કોલેજ આપવાની આડમાં જિલ્લાની મુખ્ય સરકારી સિવિલ હોસ્પિટલના વહીવટને હડપ કરી લેવાની કથિત હિલચાલ સામે જિલ્લાભરમાંથી વિરોધનો સુર ઉઠ્યો છે. ત્યારે શાસકપક્ષની હરક્તના વિધાનસભાની ચૂંટણીમાં પડઘા પડે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લાને મેડિકલ કોલેજ આપવાની છે. ત્યારે મેડિકલ કોલેજ આપવાની આડમાં પાલનપુરની નવાબકાળની જિલ્લાભરમાં પ્રસરી જતા તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. જોકે, સિવિલના કથિત ખાનગીકરણ ખુદ શાસક પક્ષ ભાજપના હિતમાં હશે તેવી ખુદ ભાજપી કાર્યકરોમાં ચર્ચાસ્પદ બન્યું છે.

## ધારાસભ્ય સહિત કોંગ્રેસનુ ભેદી મૌન

બનાસકાંઠાને મેડિકલ કોલેજ આપવાની જાહેરાત આવકાર્ય છે. પરંતુ પાલનપુર સિવિલ કેમ્પસ મેડિકલ કોલેજ માટે પ્રયાપ્ત નથી. ત્યારે મેડિકલ કોલેજ આપવાની આડમાં સિવિલ હોસ્પિટલ પર કબ્જો જમાવવાની પેરવી સામે ખુદ પાલનપુરના કોંગ્રેસી ધારાસભ્ય મહેશ પટેલ સહીત વિપક્ષ કોંગ્રેસનું ભેદી મૌન પ્રજાજનોને અકળાવી રહ્યું છે. જોકે, પાલનપુરના કોંગ્રેસી ધારાસભ્ય બાપુની છાવણીમાં હોવાની સાથે ગમે ત્યારે બાપુ સાથે ભાજપમાં હનુમાન કૂદકો મારે તેવી વહેતી થયેલી વાતો વચ્ચે તેવોને દૂધ અને દહીંમાં પગ રાખવો પડતો હોઈ તેવોએ આ ગંભીર મુદ્દે મોઢું સીવી લીધુ હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે.

# અરવલ્લી જિલ્લામાં હોમગાર્ડની ભરતીમાં કુલડીમાં ગોળ ભગાયો

અરવલ્લી જિલ્લામાં હોમગાર્ડની ભરતીમાં ના.પો. અધિક્ષકની રાહબરી હેઠળ જાહેરનામા કે વર્તમાનપત્રમાં જાહેરાત વગર સીધી ભરતી થતા જેનાથી કાબેલીયતવાળા ઉમેદવારોમાં રોષ ફેલાયો છે.

આ અંગે એક હોમગાર્ડ જવાને નામ આપ્યા વગર જણાવ્યુ કે ભરતીના નિયમમાં પહેલા જાહેરનામુ બહાર પાડ્યા પછી તે વર્તમાન પત્રમાં આપવામાં આવતુ હોય છે. તે પછી તાલુકાઓ પ્રમાણે તારીખ આપીને સામુહીક અરજદારોને બોલાવીને ભરતી કરાતી હોય છે. ત્યારે એક હોમગાર્ડ જવાને કહ્યુ કે ના.પો. અધિકારી રાઠોડ તથા ઈન્સ્પેક્ટર ચૌહાણ અને તેમના ક્લાર્ક દ્વારા શામળાજી, ભિલોડા, ઈસરી, ધનસુરા જેવા મથકો ઉપર કાંતો પોતાના મળતીયા કે લેતી દેતી દ્વારા સીધી ભરતી કરી નાખવામાં આવે છે તેથી જે અરજદારો ખરેખર લાયકાત ધરાવતા હતા તેવા અરજદારોમાં નિરાશા વ્યાપી છે. તેમને આ ભરતીના ગોટાળા માટે જિલ્લા પોલીસ વડા દખલગીરી કરીને જે ખરેખર લાયકાત ધરાવતા અરજદારોને ન્યાય મળે તેવા પગલા ભરવા જોઈએ.

# પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા રેલી યોજાઈ : આવેદનપત્ર અપાયું

**ગ્રામ પંચાયતના સરપંચો, તાલુકા પ્રમુખ, જિલ્લા પ્રમુખોના અધિકારો છીનવાતા રેલી યોજી આવેદનપત્ર આપ્યુ**

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા રેલીયોજી પ્રાંન્ત અધિકારી ને ગ્રામ પંચાયતના ફંડમાંથી નાણાંની લેવડ-દેવડ કરવાની સત્તાઓ જે સરપંચો અને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ના પ્રમુખોના હસ્તે પંચાયતના પ્રમુખ દક્ષાબેન, તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, શહેર પ્રમુખ અમરીશભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ, બેચરસિંહ રાઠોડ,



આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ગ્રામ પંચાયતના સરપંચો, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના પ્રમુખોના અધિકારો રાજય સરકાર દ્વારા ગુજરાત પંચાયત એકટ સેકન્ડ એમેન્ડમેન્ટ-૨૦૧૭ અન્વયે ગુજરાત પંચાયત અધિનિયમ-૫૫ માં સુધારો કરી હતી તે સત્તા છીનવી લેવાનાં નિર્ણયથી ગ્રામપંચાયત તથા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના હોદ્દેદારો તેમજ ચુંટાયેલા પ્રતિનિધિઓ પાસેથી છીનવાતા અસંતોષ વ્યાપ્યો છે. ત્યારે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાની હેઠળ તાલુકા જિલ્લા સદસ્ય રામસિંહ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને તાલુકા પંચાયતથી રેલી યોજી સુત્રોચ્ચારો કરી તાલુકા સેવા સદન ખાતે જઈને પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું.

# આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા દ્વારા એજ્યુકેશન ફેરની મુલાકાત

ખેડબ્રહ્મા, તા. ૧૫

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા દ્વારા તા. ૧૪-૬-૨૦૧૭ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ ગ્રાન્ડ એજ્યુકેશન ફેરની મુલાકાત કરવામાં આવી હતી. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તેમજ કે.સી.જી. અને ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓને એક જ જગ્યાએ વિવિધ અભ્યાસક્રમોની માહિતી સરળતાથી મળી રહે તેવા શુભ આશયથી ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ તેમજ કોલેજોના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. ખેડબ્રહ્મા કોલેજના વિદ્યાર્થીઓએ પણ આ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને માહિતી મેળવી હતી. કોલેજના પ્રિ. એન.ડી. પટેલના માર્ગદર્શન હેઠળ કોલેજ સ્ટાફ પ્રતિનિધિ તરીકે પ્રા. ડૉ. જે.એસ. રાઠવા, પ્રા. ડૉ. એચ.એસ. સુથાર, પ્રા. ડૉ. આર.જે. દેસાઈ, ગ્રંથપાલ એચ.એચ. ચૌહાણ, પ્રા. શક્તિસિંહ સોલંકી આ ગ્રાન્ડ એજ્યુકેશન ફેરમાં સહભાગી થયા હતા.

# ખેડબ્રહ્માના આગીયા પાસે જીપની ટક્કરે પતિનુ મોત, પત્નિ ઘાયલ

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામ નજીક મંગળવાર સાંજના એક



જીપ ડાલાએ બાઈકને ટક્કર મારતા એકનુ ઘટનાસ્થળે મોત થયુ હતુ અને ઈજાગ્રસ્ત મહિલાને હિંમતનગર રીફર કરાઈ છે.

ખેડબ્રહ્મા તાલુકા આગીયા ગામ પાસે ડોભાડા ગામના પતિ પત્નિ બાઈક પર પોતાના મુળ વતન પોશીના બાજુથી ડોભાડા તરફ આવી રહ્યા હતા ત્યારે જીપચાલકે ટક્કર મારતા પતિનુ મોત નિપજ્યુ હતુ. આગાયી ગામની સત્કાર હોટલ પાસે મંગળવાર સાંજના સમયે ડોભાડા ગામના સાયબાભાઈ ભારમોલભાઈ પારધી ઉ.વ. આ. ૫૫ અને તેમના પત્નિ લાસુબેન સાયબાભાઈ પારધી ઉ.વ. આ. ૫૦ પોતાનુ બાઈક નં. જીજે. ૯.સીટી.૯૮૬૬ને જીપડાલુ નં. જીજે.૮.ઝેડ.૫૮૧૧૪ સામે ટકરાતા પતિ પત્નિ રોડ પર પટકાઈ જતા બન્ને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. બન્ને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ખસેડાતા સાયબાભાઈનુ સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ. જ્યારે લાસુબેનને વધુ ઈજાઓ થયેલ હોઈ હિંમતનગર ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

# ડેરીકંપા પાસે છકડો રિક્ષા અને બાઈક અથડાતા એકનુ ઘટના સ્થળે મોત-બે ઘાયલ

મેઘરજ, તા. ૧૫

મેઘરજના સીસોદરા નજીક ડેરીકંપા પાસે છકડો રિક્ષા અને એકનુ ઘટના સ્થળે મોત નીપજ્યું હતું અને બાઈક પર સવાર અન્ય બે વેક્તિ ઘવાયા હતા.

અરવલ્લીના મેઘરજ તાલુકાના સીસોદરા નજીક ડેરીકંપા પાસે છકડો અને બાઈક સામ સામે ટકરાતા બાઈક સવાર ૩ વ્યક્તિને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં બાઈક ચાલક શૈલેશભાઈ બમણિયાનું ઘટનાસ્થળે જ મોત નિપજતા અરેરાટી મચી જવા પામી હતી. જ્યારે અન્ય બે હરીશ ખરાડી રહે. વાસણા અને અજય બાબુ પણુચા રહે. અંબાવા માલપુરને શરીરે નાનીમોટી ઈજાઓ થતા મેઘરજ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા જ્યાં તબીબને ગંભીર લાગતા ઈજાગ્રસ્તોને વધુ સારવાર અર્થે મોડાસા રીફર કરાયા હતા.

# અરવલ્લી જિલ્લા પોલીસે ઝડપેલ ત્રણ ચોરોએ મેઘરજ તાલુકાના ચોરીના ચાર ગુના કબુલ્યા

મેઘરજ, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષથી અલગ અલગ જગ્યાએ કોમ્પ્યુટર અને એલસીડી ચોરીના ગુનાઓ બનતા હતા ત્યારે લોકલ ક્રાઈમ બ્રાન્ચે શામળાજી રતનપુર બોર્ડરથી ચોરીના ૩ આરોપીઓ ઝડપ્યા હતા અને જેઓએ ભિલોડા તાલુકામાં ચોરીના ગુન્હાઓ કરેલ હતા. જેમાં તેઓને રિમાન્ડ પર લેતા તેઓએ મેઘરજ તાલુકાના પણ ચાર જેટલા ગુનાઓ કબુલ્યા હતા. જેમાં રામગઢી પ્રા. શાળામાંથી ચોરેલ ૧ એલસીડી, પંચાલ હાઈસ્કૂલમાંથી ૧ એલસીડી, વલુણા પંચાયતમાંથી સીપીયુ અને મોનીટર, કુંભેરા હાઈસ્કૂલનું ૧ એલસીડી ચોરીની કબુલાત કરી હતી. જેથી ત્રણ આરોપીઓ પ્રવિણ ઉર્ફે પપ્પુ કનૈયાલાલ પટેલ, ઉ.વ. ૨૮, રહે. વીછીવાડા, સિદ્ધરાજ ઉર્ફે પોપટ હિરાજી ઝાલા ઉ.વ. ૨૬ હાલ રહે. વીછીવાડા, જગદિશ ઉર્ફે જગો વારસીભાઈ ડામરા ઉ.વ. ૨૦ રહે. ચુડાવાડા રાજસ્થાનને સર્ચ વોરંટ દ્વારા મેઘરજ પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા અને તેઓએ મેઘરજ તાલુકાના અલગ અલગ ચાર જગ્યાએ આચરેલ ચોરીના ચાર ગુન્હા કબુલ્યા હતા જેથી ત્રણેય આરોપીઓને મેઘરજ કોર્ટમાં રજુ કરી મેઘરજ પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્મામાં સોનીઓ દ્વારા ઉઘાડી લૂંટ

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા શહેરમાં સોનીઓ દ્વારા ગરીબ, અભણ આદિવાસી સમાજને છેતરાવી ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે.

ખેડબ્રહ્મા શહેરના રેલવે સ્ટેશનથી ગાયત્રી મંદિર સુધી સોનીબજાર તરીકે ઓળખાય છે. આ વેપારીઓ દ્વારા આદિવાસીઓને લગ્ન સિઝન ચાલુ હોઈ વેપારીઓ તેમને ૬૦ : ૪૦નુ ચાંદી પધરાવી દઈ પૈસા પડાવે છે. આ ઉપરાંત પાકુ બીલ ન બનાવી કાચી ચીઠ્ઠી આપી દઈ સરકાર સાથે પણ છેતરપીંડી કરી પુરેપુરી રકમ દબાવી દે છે અને બાકીમાં આપેલ ચાંદી પર બે થી ત્રણ વાર રકમ વસુલવામાં આવે છે અને બાકી રહેલી રકમ પર વ્યાજ પણ વસુલવામાં આવે છે.

આ વેપારીઓ દ્વારા વગર લાયસન્સથી નાણા ધિરવાનો ધંધો પણ બેફામ પણે ચાલી રહ્યો છે. આદિવાસી પાસેથી તેનો દાગીનો લઈ તેના પર નાણા ધિરવામાં આવે છે. પરંતુ આ બેફામ વ્યાજ સામે પોતાના દાગીના છોડાવી શકતા નથી. આ કારણે વેપારીઓ વ્યાજની ગણતરી એવી કરે છે કે આદિવાસી પૈસા ભરી જ શકતો નથી તેને દાગીના મુકવાનો વારો આવે છે. ખેડબ્રહ્મા શહેરના સોની બજારના વેપારીઓ દિવસે દિવસે ઉઘાડી લૂંટ વધારી બેફામ પણે પૈસા લુંટી રહ્યા છે.